# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 05/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: FRIDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) ગુજરાતના સુરતમાં 18 હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનો પ્રારંભ કરાવ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર ભાર આપ્યો.

2) પ્રધાનમંત્રીએ કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નમો હોસ્પટલ અને નમો વિમાન મથક માટે ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન કર્યું.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને બિહારના સરહદી વિસ્તારોમાં ગેરકાયદે વસતિવિષયક ફેરફારને રોકવા સરકાર કટિબદ્ધ.

4) ભારતને પાંચમી પેઢીના લડાકૂ વિમાન સુખોઈ S.U. 57 આપવા રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનની દરખાસ્ત.

5) જાપાનમાં રમાતી હૉકી એશિયા કપ સ્પર્ધામાં પાકિસ્તાનને હરાવી ભારતીય પુરુષ ટીમ ફાઈનલમાં પહોંચી.

------------------------------------------------------

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM SURAT - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર ભાર આપતા કહ્યું, વિશ્વ પર્યાવરણીય સંરક્ષણ સાથે આર્થિક વિકાસને સંતુલિત કરીને ભારત સક્રિય રીતે આગળ વધી રહ્યું છે. ગુજરાતના સુરતમાં 18 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ માળખાગત પરિયોજનાઓનો પ્રારંભ કરાવ્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ભારતની કુલ 250 ગીગાવોટની નવિનીકરણીય ઉર્જા ક્ષમતામાંથી ગુજરાત 50 ગીગાવોટનું યોગદાન આપે છે, જે દેશની ગ્રીન એનર્જી હિસ્સાનો પાંચમો ભાગ છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – SURAT ENERGY

શ્રી મોદીએ કહ્યું, ગુજરાત સૌરઉર્જાથી ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા તરફ વળવામાં મોટી ભૂમિકા ભજવવા તૈયાર છે, જે ઉર્જામાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા જરૂરી છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – GREEN GROWTH

શ્રી મોદીએ લોકોને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સંપીને કામ કરવા અપીલ કરતા કહ્યું, ગામડાઓ અને શહેરોનો એકસાથે વિકાસ કરીને આ સ્વપ્ન સાકાર થઈ શકે છે. પ્રધાનમંત્રીએ આધુનિક કનેક્ટિવિટીને છેવાડાના વિસ્તાર સુધી લઈ જવાની સરકારની ટોચની પ્રાથમિકતા પર પણ ભાર આપ્યો. આ પહેલા શ્રી મોદીએ હજીરાની મુલાકાત લઈ ઔદ્યોગિક અને માળખાકીય પરિયોજનાઓની સમીક્ષા કરી.

# PM SURAT -2

હાલમાં મળતા અહેવાલ મુજબ શ્રી મોદીએ કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નમો વિમાન મથક માટે ટર્મિનલ ભવન અને નમો હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું. ઉપરાંત શ્રી મોદી હવે અંદાજે બે હજાર 970 કરોડ રૂપિયાની આરોગ્ય સેવાઓ અને વિવિધ ક્ષેત્રની વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત તેઓ લક્ષદ્વિપ માટે અનેક મહત્વની સમૂદ્રી પરિયોજનાઓનું પણ ખાતમુહૂર્ત કરશે.

# AMIT SHAH BSF

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્રિપુરાની લંકામુરા સરહદ ચોકી પર સરહદ સુરક્ષા દળ – BSFના જવાનોને સંબોધતા સરહદ સુરક્ષા અંગે વ્યાપક દ્રષ્ટિકોણ રજૂ કર્યો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રી શાહે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – CAPFના પર્યાવરણીય યોગદાન અંગે કહ્યું, વર્ષ 2019થી CAPFના કર્મચારીઓએ અંદાજે છ કરોડથી વધુ રોપા વાવ્યા છે.

## (BYTE: AMIT SHAH, HOME MINISTER) -

સરહદ સુરક્ષા અંગે શ્રી શાહે કહ્યું હતું કે, સરકાર ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને બિહારના સરહદી વિસ્તારોમાં ગેરકાયદેસર વસતિવિષયક ફેરફારોને રોકવા કટિબદ્ધ છે. તેમણે કહ્યું, સરહદ વાડના જૂના ભાગોને બદલવા 119 કિલોમીટર નવી વાડના બાંધકામને મંજૂરી અપાઈ છે.

# RBI POLICY

ભારતીય રિઝર્વ બેન્ક – RBI-એ આ નાણાકીય વર્ષમાં સતત બીજી વખત વ્યાજદરમાં કોઈ ફેરફાર નથી કર્યો. આ વર્ષ માટે બીજી દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતા RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, નાણાકીય નીતિ સમિતિએ સર્વસંમતિથી ટૂંકાગાળાનો ધિરાણ દર અથવા રેપોરેટને 5.25 ટકા પર તટસ્થ વલણ સાથે યથાવત્ રાખવાનો નિર્ણય કર્યો છે. બેન્કે આ નાણાકીય વર્ષ માટે કુલ ઘરેલુ ઉત્પાદન – GDP વૃદ્ધિનું અનુમાન પહેલાના 6.9 ટકાથી ઘટાડીને 6.6 ટકા કર્યું છે. બેન્કે આ નાણાકીય વર્ષ માટે સી.પી. આઈ ફૂગાવા લક્ષ્યને પણ 4.6 ટકાથી વધારીને 5.1 ટકા કર્યો છે.

RBIના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, પોલિમર આધારિત ચલણી નોટનો પ્રસ્તાવ RBIની વિચારણા હેઠળ છે. તેમણે કહ્યું, આ પ્રસ્તાવ હાલ પ્રારંભિક સ્તર પર છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# RUSSIA INDIA DEFENCE

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ભારતને રશિયાના પાંચમી પેઢીના લડાકૂ વિમાન સુખોઈ એસ. યુ. 57 આપવાની દરખાસ્ત કરી. તેમણે આ વિમાનના ભારતમાં સંયુક્ત ઉત્પાદનનો પણ પ્રસ્તાવ મૂક્યો છે.

સેન્ટ પીટર્સબર્ગ આર્થિક મંચ દરમિયાન વિશ્વના કેટલીક સમાચાર સંસ્થાઓના વડાઓ સાથેની વાતચીતમાં શ્રી પુતિને કહ્યું, રશિયા હજી પણ ભારતને એસ. યુ. 57 લડાકૂ વિમાન કાર્યક્રમમાં સામેલ કરવા માગે છે. તેમણે કહ્યું, રશિયા ભારતની સાથે સંકલિત વાયુ સંરક્ષણ પ્રણાલિ અને અન્ય મહત્વના સંરક્ષણ ઉપકરણોના વિકાસમાં સહકાર આપવા તૈયાર છે.

ઉલ્લેખનીય છે કે, ભારત હાલ પોતાની સ્વદેશી વાયુ સંરક્ષણ પ્રણાલિ સુદર્શન ચક્રનું નિર્માણ કરી રહ્યું છે. માં રશિયા તરફથી પ્રાપ્ત એસ-400 મિસાઈલ સંરક્ષણ પ્રણાલિની મહત્વની ભૂમિકા છે.

# TRUMP HORMUZ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું, હોર્મૂઝ સામુદ્રધૂની દ્વારા સુરક્ષિત નેવિગેશન સુનિશ્ચિત કરવા અમેરિકાને યુરોપીયન સાથી દેશોની સૈન્ય મદદની જરૂર નથી. તેમણે કહ્યું, હોર્મૂઝ સામુદ્રધૂની ફરીથી સુરક્ષિત રીતે ખૂલી જશે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી ટ્રમ્પે કહ્યું, અમેરિકાએ સામુદ્રધૂનીની સુરક્ષાના પ્રયાસમાં ભાગ લેવા યુરોપીયન અને અન્ય સાથી દેશોને આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું, આ પ્રસ્તાવનો અસ્વીકાર કરાયો હતો.

શ્રી ટ્રમ્પે કહ્યું, અખાતી દેશો પાસેથી ઉર્જા પૂરવઠા પર વધુ પડતા નિર્ભર દેશોને આ નિર્ણયના કારણે વધુ ખર્ચ ઉઠાવવો પડી શકે છે.

# REV EVE HOCKEY U 18 ASIA CUP

ભારતીય હૉકી ટીમે એશિયા કપની સેમિફાઈનલમાં પાકિસ્તાનને પાંચ ત્રણથી હરાવ્યું. જાપાનના કાકામિ-ગહારામાં એશિયા કપ પુરુષોના 18 વર્ષથી ઓછી વયની સ્પર્ધામાં પાકિસ્તાનને હરાવી ભારત હવે આવતીકાલે યજમાન જાપાન સામે ફાઈનલ મેચમાં રમશે. અગાઉ જાપાને પહેલી સેમિફાઈનલમાં મલેશિયાને આઠ-એકથી હરાવ્યું હતું. આવતીકાલે અન્ય એક મેચમાં પાકિસ્તાન ત્રીજા સ્થાન માટે મલેશિયા સામે ટકરાશે.

જ્યારે આ જ સ્પર્ધામાં ભારતીય મહિલા ટીમનો સેમિફાઈનલમાં ચીન સામે પેનલ્ટી શૂટઆઉટમાં પરાજય થયો છે. આ સાથે જ મહિલા ટીમ આ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રકની દોડમાંથી બહાર થઈ છે.

# WORLD YOGASAN CHAMPIONSHIP

ભારતે વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ 2026માં અત્યાર સુધી પાંચ સુવર્ણ સહિત કુલ છ ચંદ્રક જીત્યા. ગુજરાતના અમદાવાદમાં યોજાયેલી આ સ્પર્ધામાં ભારતની સબ જૂનિયર બોયઝ ટ્રેડિશનલ ગૃપ ટીમ અને જૂનિયર ગર્લ્સ ટ્રેડિશનલ ગૃપ ટીમે નેપાળને હરાવી સુવર્ણ ચંદ્રક જીત્યા છે. આ સાથે જ ભારતે પૉઈન્ટ ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

# CHESS PRAGGNANANDHA

નોર્વે ચેસના નવમા રાઉન્ડમાં ભારતીય ખેલાડી પ્રજ્ઞાનંદા રમેશબાબુએ ભારતના જ વિશ્વવિજેતા ડી. ગુકેશને હરાવી ખિતાબની દોડમાં પોતાની દાવેદારી જાળવી રાખી. આ વિજય સાથે પ્રજ્ઞાનંદાના 15 પોઈન્ટ થઈ ગયા છે, જે ટોચના ખેલાડી વેસ્લીથી માત્ર અડધા પોઈન્ટ પાછળ છે. વેસ્લીએ ક્લાસિકલ ગેમ ડ્રૉ થયા પછી આર્માગેડન ટાઈબ્રેકમાં મેગ્નસ કાર્લસનને હરાવી સાડા 15 પૉઈન્ટ હાંસલ કર્યા છે. અલિરેઝા ફિરોજઝા સાડા 14 પૉઈન્ટ સાથે ત્રીજા સ્થાન પર છે. તેમણે વિસેન્ટ કિમર વિરુદ્ધ તેમની આર્માગેડન ગેમ જીતી લીધી. હવે ટૂર્નામેન્ટનો અંતિમ તબક્કો બાકી છે અને ખિતાબની દોડ વધુ રોમાંચક બની છે.

જ્યારે મહિલા વર્ગમાં બિબિસારા અસાઉબાયેવાએ એક રાઉન્ડ બાકી રહેતા નોર્વે ચેસ મહિલા ખિતાબ જીતી લીધો છે. તેઓ સાડા 16 પૉઈન્ટ સાથે ટોચ પર રહ્યાં હતાં. જ્યારે ઝૂ જિનરે ભારતનાં દિવ્યા દેશમુખને હરાવી 13 પૉઈન્ટ સાથે બીજું સ્થાન મેળવ્યું.

# PURI NATURAL GAS

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંઘ પૂરીએ આંદામાન ટાપુઓના પૂર્વ કાંઠા પરથી અંદાજે 15 કિલોમીટર દૂર શ્રી વિજયપુરમ્-૩માં કુદરતી ગેસના ભંડાર મળી આવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પૂરીએ કહ્યું, આ શોધ આંદામાન સાગરની વિશાળ ઉર્જા ક્ષમતાને દર્શાવે છે. તેમણે આ શોધખોળને આ ક્ષેત્રમાં ચાલી રહેલા તપાસ અભિયાનની સફળતાનું પ્રતિક ગણાવતા કહ્યું, કુદરતી ગેસનો ભંડાર 355 મીટરની ઉંડાઈએ મળ્યો છે.